# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PRESS AFTER CABINET

ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 25 વર્ષના શાસન અંગેનો આભાર પ્રસ્તાવ રજૂ કરાયો. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , મંત્રીમંડળની બેઠકમાં સાત ઑક્ટોબર 2001થી શરૂ થયેલી પ્રધાનમંત્રીની જનસેવાની યાત્રાને યાદ કરવામાં આવી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

ઉપરાંત મંત્રીમંડળની બેઠકમાં ઓછા વરસાદ ધરાવતા વિસ્તારોની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. સાથે જ આગામી તહેવારોની વ્યવસ્થા, અનાજ વિતરણ, સમાન નાગરિક સંહિતા – UCCના અમલ બાદની પ્રક્રિયા તેમજ રાજ્ય સરકારના આગામી આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હોવાનું અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે.

# HEALTH MINISTER GNR CIVIL VISIT

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ આજે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલની મુલાકાત લઈ ડેન્ગ્યુગ્રસ્ત જવાનોના ખબર-અંતર પૂછ્યા. તેમણે તબીબો અને સુપરિન્ટેન્ડન્ટ સાથે બેઠક યોજી જવાનોને અપા તી સારવારની માહિતી મેળવી. ઉપરાંત શ્રી પાનશેરિયાએ સારવાર હેઠળ રહેલા જવાનો પૈકી એક જવાનના અચાનક થયેલા અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું.

**(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)**

ઉલ્લેખનીય છે કે, કેવડિયા સ્થિત સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે યોજાનારી પરેડ કાર્યક્રમમાં ભાગ લેવા વિવિધ રાજ્યમાંથી સુરક્ષા દળોના જવાનો ગુજરાત આવ્યા છે. દરમિયાન 87 જવાનોને તાવ અને અન્ય શારીરિક અસ્વસ્થતાની ફરિયાદ બાદ સિવિલ હૉસ્પિટલ દાખલ કરાયા હતા.

# SRT UM GIRIRAJ SINGH VISIT

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે સુરતમાં કાપડના ઉદ્યોગકારો સાથે બેઠક કરી. દરમિયાન ઉદ્યોગકારોએ તેમની વિવિધ રજૂઆત કેન્દ્રીય મંત્રી સમક્ષ મુકી હતી. શ્રી સિંહે ભારતના અગ્રણી વિસકોસ વિતરક અને માર્કેટ ડેવલપરના નિદેશકો સાથે પણ મુલાકાત કરી. દરમિયાન ટેક્નિક , રોજગાર, MSME વિકાસ, ગ્રામીણ રોજગાર અને માનવનિર્મિત ફાયબર્સના ભવિષ્ય અંગે ચર્ચા કરવામાં આવી. સાથે જ વિસકોસ ફિલામેન્ટ યાર્નની સંભાવનાઓ , કાપડ ઉદ્યોગમાં તેની ભૂમિકા અને નવિનતાના માધ્યમથી આ ક્ષેત્રના વિકાસ પર પણ ચર્ચા થઈ. સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીય કાપડ મંત્રીએ વધુ માહિતી આપી.

(BYTE: GIRIRAJ SINGH, UNION TEXTILE MINISTER)

# KACHCHH ACCIDENT

કચ્છમાં આજે વહેલી સવારે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં સાત લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે , ભુજ તાલુકામાં સીમાવર્તી ખાવડા વિસ્તારમાં આવેલા R. E. પાર્ક પાસે કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માત થતા સાત લોકોના મોત નીપજ્યા.

જ્યારે અન્ય કેટલાક લોકો ઈજાગ્રસ્ત થતા તેમને ભુજની હૉસ્પિટલમાં દાખલ કરાયા. R.E. પાર્ક વિસ્તારમાં આવો પહેલો મોટો અકસ્માત થયો છે. દરમિયાન કલેક્ટર અનિલ રાણાવસિયા અને જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ જનરલ હૉસ્પિટલમાં ઈજાગ્રસ્તોની સ્થિતિની માહિતી મેળવી જરૂરી તપાસના આદેશ આપ્યા.

# GNR MNC ELECTION CAMPAIGN

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે  ના પ્રચારના અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષો દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , ભાજપ દ્વારા તમામ 11 વૉર્ડમાં કેસરિયા બાઈક યાત્રાનું આયોજન કરાયું. કોંગ્રેસ દ્વારા  પણ વિવિધ વિસ્તારમાં યાત્રાઓ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, 11 ઑક્ટોબરે મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન અને 13 તારીખે પરિણામ જાહેર કરાશે.